# ત્સૂનામી ડોક્ટરની વ્યથા
વજનઃ ગાગા ગાગા ગાગા ગાગા

પંચમ શુક્લ

કાણી, કૂબડી, ને છે ખૂંધી,
અહીં અરાજક અંધાધૂંધી.

લોઢ લોઢ સાગરનાં ઉછળ્યાં,
રમત ધરાની હાથીસૂંઢી.

સર્યાં તરત ત્સૂનામી મોંજા,
વિશ્વ તણી વરસી સમૃધ્ધી.

સીધે સીધી મદદ મળી પણ,
માત્ર વ્યવસ્થા ચત્તી-ઉંધી.

વેન્ટીલેટર ઉપર શ્વસે છે,
પ્રાણવાયુ પોતાને રૂંધી.

અનંત નીદ્રા આસપાસ પણ,
સ્વપ્ન એક જઇ ક્યાં લઉં ઢૂંઢી?

જડની વચ્ચે ચેતન શોધું,
સ્ટેથોસ્કોપ-ટકોરે ઢૂંઢી.

વિસર્જનમાં નવસર્જન શુધ્ધી,
પાર ન પામે મારી બુધ્ધી.

કાણી, કૂબડી, ને છો ખૂંધી,
જશે જરુર આ અંધાધૂંધી.

લંડન, ૨૦૦૫